## ધોરણ-6 વિભાગ-(૧) વાચન નિદાન કસોટી

વિધાર્થીનું નામ :- માસ:- ફેબ્રુઆરી ૨૦૨૫

| પ્રશ્ન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | કુલ ગુણ (૨૫) |
|---|---|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | | | | | | |

**પ્રશ્ન-(1) આપેલ વાક્યોનું વાચન કરો. (5)**

(1). વરસાદ વરસ ઝરમર ઝરમર.

(2). બિલાડી દૂધની ખીર પી ગઇ.

(3). ગૌતમ અને મૈત્રી નિશાળ જાય છે.

(4). બગીચામાં નાનકડું પતંગિયું ઊડે છે.

(5). રામ-લક્ષ્મણ વિશ્વામિત્રના આશ્રમે ગયા.

**પ્રશ્ન-(2) આપેલી સૂચના મુજબ ક્રિયા કરો તથા પ્રશ્નોના પૂરા વાક્યમાં મૌખિક જવાબ આપો.**

(શિક્ષકે વિધાર્થીને આપેલ પ્રશ્નો વાંચવા કહેવું.ત્યારબાદ તેને અનુરૂપ જવાબ/ક્રિયા કરે તે મુજબ ગુણ આપવા અહીં શિક્ષકે વાંચીને સમજાવવાનું નથી.) **(5)**

(1). પાંચ ફળના નામ કહો.

(2). ગઇકાલે કયો વાર હતો?

(3). તમને કઇ રમત રમવી ગમે છે?

(4). એક પગ પર ઊભા રહો અને તાળી પાડો.

(5). નોટબુકમાં માટલાનું ચિત્ર દોરો.

**પ્રશ્ન-(3) આપેલ વાક્યોનું તથા કાવ્યપંક્તિઓનું આરોહ-અવરોહ સાથે વાચન કરો. (5)**

(1). બાગમાં ગુલાબ, બારમાસી, મોગરો અને ચંપાનો છોડ છે.

(2). ધ્રુવનો તારો કઇ દિશામાં દેખાય છે?

(3). વાહ ! કેટલું સરસ મેઘધનુષ છે!

(4). ચકલી ચોખા ખાંડે છે,

પીતાંબર પગલાં પાડે છે.

(5). જીવન અંજલિ થાજો,

મારું જીવન અંજલિ થાજો.

**પ્રશ્ન-(4). આપેલ ફકરો વાંચી પ્રશ્નોના પૂરા વાક્યમાં મૌખિક જવાબ આપો. (5)**

એક નાનકડું ઘર છે. ઘરમાં એક નાનકડું કબાટ છે. કબાટમાં ચોપડીઓ છે. ચોપડીઓમાં નાનાં નાનાં ચિત્રો છે. ચિત્રોમાં એક બગીચો છે. બગીચામાં રંગબેરંગી ફૂલો છે. ફૂલો પર ભમરાં અને પતંગિયાં બેઠાં છે. બગીચામાં ફુવારાની આસપાસ પંખીઓ ઊડતાં દેખાય છે.

**પ્રશ્નો-**

(1) કબાટમાં શું છે?

(2) ચોપડીમાં રહેલા ચિત્રો કેવા છે ?

(3) બગીચાનું ચિત્ર શામાં છે ?

(4) રંગબેરંગી ફૂલો પર કોણ બેઠું છે?

(5) પંખીઓ ક્યાં ઊડે છે?

**પ્રશ્ન-(5). આપેલ ચિત્ર જોઇને તેના વિશે પાંચ વાક્યો બોલો. (5)**



અન્ય મહિનાના આવા વાચન લેખન અને ગણન પેપર મેળવવા હોય તો અહી ક્લિક કરો

તમારી આખા સત્રની એકસાથે રોજનીશી બનાવવા માટે અહી ક્લિક કરો

કોઈપણ જગ્યાએ તમે બેઠા હોય તમારા મોબાઈલમાં જ રોજમેળ બનાવો કોઈ જ એક્સેલ ફાઈલ નહીં, બિલકુલ સરળ કોઈપણ રોજમેળ બનાવો માટે અહી ક્લિક કરો

✅પત્રક A અધ્યયન નિષ્પતિઓ મંગાવવા માટે

✅પત્રક A અધ્યયન નિષ્પતિઓ આધારિત પ્રશ્નપત્ર તમારા નામ સાથે મેળવવા માટે અહી ક્લિક કરો

શિક્ષણ સાગર ના WHATSAPP ગ્રુપમાં અત્યારે જ જોઈન થવા માટે અહી ક્લિક કરો

**ધોરણ-6** **વિભાગ-(૨)** **લેખન નિદાન કસોટી**

**વિધાર્થીનું નામ :-** **માસ:- ફેબ્રુઆરી ૨૦૨૫**

| પ્રશ્ન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | કુલ ગુણ (૨૫) |
|---|---|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | | | | | | |

**પ્રશ્ન-(1). આપેલા શબ્દો અને વાક્યોનું શ્રુતલેખન કરો.** **(5)**

(1) ______________________

(2) ______________________

(3) ______________________

(4) ______________________

(5) ______________________

**પ્રશ્ન-(2). નીચેના વાક્યોનું અનુલેખન કરો.** **(5)**

(1) ભાઇ ખો-ખો રમે, ગિલ્લી દંડા રમે.

_______________________________________________________________

(2) વાહ! અદ્ભૂત રંગબેરંગી પતંગિયાં!

_______________________________________________________________

(3) અરેરે ! તો ખેતરની રખેવાળી કરશે કોણ?

_______________________________________________________________

(4) સમડી કહે: "જેઠાભાઇ ! જેઠાભાઇ ! આ તમારા હાથે શું થયું છે?"

_______________________________________________________________

(5) ઉંદર કહે: ``લાકડું દે, નહીં તો રોટલો લઇને ભાગું.

_______________________________________________________________

**પ્રશ્ન-(3). આપેલ ચિત્ર જોઇ તેના વિશે પાંચ વાક્યો લખો.** **(5)**




_______________________________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

**પ્રશ્ન-(4). આપેલ વિષય પર પાંચ વાક્યો લખો.** **(5)**

**(1). તમને કઇ રમત વધુ ગમે? તેનાં વિશે પાંચ વાક્યો લખો.**

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

____________________________________________

**પ્રશ્ન-(5) આપેલ ફકરો વાંચી પ્રશ્નોના પૂરા વાક્યમાં જવાબ લખો.** **(5)**

**રામપુરા ગામની પાસે દરિયો છે. દરિયો એટલે પાણી જ પાણી, એમાં હોડી તરે, જહાજ તરે. દરિયામાં મોટાં મોટાં મોજા ઉછળે. દરિયામાં નાહવાની અને છીપલાં વીણવાની મજા આવે છે. ભીની રેતીમાં પગલાં પાડવાની પણ મજા આવે છે. રાતે દીવાદાંડી અને જહાજ દેખાય છે.**

**પ્રશ્નોઃ-**

**(1) કયા ગામની પાસે દરિયો છે?**

____________________________________________

**(2) દરિયામાં શું તરે છે?**

____________________________________________

**(3) ક્યાં નાહવાની મજા આવે છે?**

____________________________________________

**(4) ભીની રેતીમાં શું કરવાની મજા આવે?**

____________________________________________

**(5) દીવાદાંડી ક્યારે દેખાય છે ?**

____________________________________________

shikshansagar.com Shikshan Sagar The King of Education

**ધોરણ-6** **વિભાગ-(3)** **ગણન નિદાન કસોટી**

**વિદ્યાર્થીનું નામ :-** **માસ:- ફેબ્રુઆરી ૨૦૨૫**

| પ્રશ્ન | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | કુલ ગુણ (૨૫) |
|---|---|---|---|---|---|---|
| મેળવેલ ગુણ | | | | | | |

**પ્ર-(1) શિક્ષક કહે તે રીતે સંખ્યા અંકમાં કે શબ્દમાં લખો.** **(5)**

(1) 1 થી 99 માં આવતી કોઇ એક સંખ્યા બોલી તે સંખ્યા અંકમાં લખવા કહેવું. ____________

(2) 100 થી 999 આવતી કોઇ એક સંખ્યા બોલી તે સંખ્યા અંકમાં લખવા કહેવુ. ___________

(3) 1000 થી 9999 માં આવતી કોઇ એક સંખ્યા બોલી તે સંખ્યા અંકમાં લખવા કહેવું. ________

(4) 1 થી 999 માં આવતી કોઇ એક સંખ્યા બોર્ડ પર અંકમાં લખી તેને શબ્દમાં લખવા કહેવું.

____________________________________________________________________

(5) 1000 થી 9999 માં આવતી કોઇ એક સંખ્યા બોર્ડ પર અંકમાં લખી તેને શબ્દમાં લખવા કહેવું.

____________________________________________________________________

**પ્ર-(2) સૂચના મુજબ કરો.** **(5)**

(1) 2764 માં 7 ની સ્થાનકિંમત ______________________________

(2) સૌથી નાની સંખ્યા પર વર્તુળ ○ કરો. 3416, 2789, 3361, 2879

(3) આપેલ સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો. 5672, 5571, 5627, 5507

____________________________________________________________________

(4) આપેલ સંખ્યાઓને ઊતરતા ક્રમમાં ગોઠવો. 7456, 6412, 8756, 7562

____________________________________________________________________

(5) આપેલ સંખ્યાની તરત પહેલાની સંખ્યા લખો. _____________, 5700

**પ્ર-(3) પેટર્ન આગળ વધારો.** **(5)**


(1) 102, 107, 112, 117, ____________, ____________

(2) 81, 72, 63, 54, ____________, ____________

(3) ZAB, YBC, XCD, ____________, ____________

(4) 1Z 2Y 3X 4W ____________, ____________

→ ← → ←

(5)  ____________, ____________

**પ્ર-(4) નીચે આપેલા દાખલા ગણો.** **(5)**

(1) 4 2 5 6
+ 1 9 8 6

(2) 7 5 6 4
- 2 3 9 1

(3) 5 3 6
x 2 9

(4) 6 | 5 2 (2)

(5).એક વર્ગખંડમાં 18 પાટલીઓ છે. શિક્ષક દરેક પાટલી પર 3 વિદ્યાર્થીઓને બેસવા માટે કહે છે તો કુલ કેટલા વિદ્યાર્થીઓ પાટલીઓ પર બેસી શકશે?

પ્ર-(5) ગુજરાત રાજ્યના પાંચ જિલ્લાઓમાં વર્ષ- 2024 માં વેચાયેલી ગાડીઓની વિગત નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે. તેનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ આપો. (5)

| જિલ્લાનું નામ | ગાડીઓની સંખ્યા |
|---|---|
| આણંદ | 6014 |
| ખેડા | 5544 |
| વડોદરા | 7681 |
| અમદાવાદ | 8750 |
| દહોદ | 4089 |

(1) સૌથી વધુ ગાડીઓનું વેચાણ થયુ હોય તેવા જિલ્લાનું નામ લખો.

_______________________________________________

(2) છ હજાર થી ઓછી ગાડીઓનું વેચાણ થયુ હોય તેવા જિલ્લાના નામ લખો.

_______________________________________________

(3) ખેડા અને દાહોદ બંને જિલ્લામાં વેચાયેલી ગાડીઓની કુલ સંખ્યા કેટલી થાય ?

_______________________________________________

(4) આણંદ કરતા અમદાવાદમાં કેટલી ગાડીઓ વધારે વેચાયેલી છે ?

_______________________________________________

(5) ક્યા જિલ્લાઓમાં આણંદ જિલ્લા કરતાં વધુ ગાડીઓ વેચાયેલ છે?

_______________________________________________